GJVD230004642021

| | |
|---|---|
| રજૂ તારીખ | ૦૨-૦૯-૨૦૨૧ |
| દાખલ તારીખ | ૦૨-૦૯-૨૦૨૧ |
| ફેંસલ તારીખ | ૩૦-૦૬-૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૪ ૦૯ ૨૮ |

सत्यमेव जयते

## <u>વડોદરાની એડીશ્નલ સેશન્સ કોર્ટ નં.૮, મુ. કરજણ સમક્ષ.</u>

**સેશન્સ કેસ નં. ૧૬/૨૦૨૧**
**આંક-૧૪૬**

| | |
|---|---|
| **ગુનો** | શિનોર પોલીસ સ્ટેશન પાર્ટ-"ફર્સ્ટ" ગુના રજીસ્ટર નં. ૩૯૪/૨૦૨૧, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨, ૨૦૧,૧૧૪ અન્વયે. |

**ફોર્મ-એ**

| | |
|---|---|
| **ફરીયાદી** | શ્રી સરકાર<br>**(મુળ ફરિયાદી મંગળભાઇ બાબુભાઇ વસાવા)** |
| **ફરિયાદ પક્ષ તરફે** | વિ.એડી. પી.પી.શ્રી આર.એમ. જ્ઞાનચંદાણી/શ્રી જે.એમ.કંસારા. |
| **આરોપી** | (૧) **રણજીતભાઇ અશ્વિનભાઇ વસાવા**<br>**ઉ.વ.આ. ૩૫, ધંધો. મજુરી**<br>રહે. ઉતરાજ, નવીનગરી, તા. શિનોર, જિ. વડોદરા.<br>(૨) **મયુરભાઇ પુનમભાઇ વસાવા**<br>**ઉ.વ.આ. ૨૫, ધંધો. મજુરી**<br>રહે. માલસર, કાસટીયા ફળીયુ,તા. શિનોર, જિ. વડોદરા. |
| **આરોપી પક્ષ તરફે** | વિ.વ.શ્રી એચ.ડી.ચાવડા/એફ.આઇ.સીંધી. |

**ફોર્મ-બી**

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | ૨૭-૦૪-૨૦૨૧ |
| **ફરીયાદની તારીખ** | ૦૫-૦૫-૨૦૨૧ |
| **ચાર્જશીટની તારીખ** | ૦૨-૦૮-૨૦૨૧ |
| **કેસ કમીટ કર્યા તારીખ** | ૦૯-૦૮-૨૦૨૧ |
| **તહોમતનામું ફરમાવ્યા તારીખ** | ૨૨-૦૫-૨૦૨૩ |
| **પુરાવો શરુ કર્યા તારીખ** | ૦૫-૦૬-૨૦૨૩ |
| **ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ** | ૧૦-૦૬-૨૦૨૩ |
| **ચુકાદાની તારીખ** | ૨૯-૦૬-૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો,** | -- |

## આરોપીઓની વિગત

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ તો તો તે વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર? | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રણજીતભાઇ અશ્વિનભાઇ વસાવા | ૦૮/૦૫/૨૧ | ૦૫/૦૪/૨૪ (ક્રિ.પ્રા.અ.નં. ૬૬/૨૦૨૪ સેશન્સ કોર્ટ, વડોદરા) | ભારતીય દંડ સંહિતાની કલમ –૩૦૨, ૨૦૧, ૧૧૪ અન્વયે | નિર્દોષ | | ૨ વર્ષ, ૧૦ માસ, ૨૭ દિવસ |
| ૨. | મયુરભાઇ પુનમભાઇ વસાવા | ૧૫/૦૫/૨૧ | ૨૭/૦૯/૨૧ (ક્રિ.પ્રા.અ.નં. ૧૬૩/૨૦૨૧ સેશન્સ કોર્ટ, વડોદરા.) | | નિર્દોષ | | ૦૪ માસ, ૧૭ દિવસ |

## ફોર્મ–સી

## (એ) ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવા ની વિગત

| સા.નં. | સાહેદનું નામ અને વિગત | આંક |
|---|---|---|
| P.W1 | કાંતીલાલ ભચલાલભાઇ વસાવા (**ઇન્કવેસ્ટ પંચનામાનાં પંચ–હોસ્ટાઇલ**) | ૧૬ |
| P.W2 | શંકરભાઇ મીઠાભાઇ વસાવા (**ઇન્કવેસ્ટ પંચનામાનાં પંચ–હોસ્ટાઇલ**) | ૧૮ |
| P.W3 | નગીન અંબાલાલ પ્રજાપતિ (**ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ – હોસ્ટાઇલ** ) | ૧૯ |
| P.W4 | સતિષભાઇ અંબાલાલ વસાવા (**મરણ જનારના કપડા કબજે કર્યાના, આરોપીની શરીરસ્થિતી, ગુનામાં વાપરેર મોટર સાયકલ તથા આરોપીનાં કપડા કબજે કર્યાના પંચનામાના પંચ–હોસ્ટાઇલ** ) | ૨૧ |
| P.W5 | સલીમખાં હમીદખાં પઠાણ (**રીકનસ્ટ્રકશન પંચનામાના પંચ– હોસ્ટાઇલ**) | ૨૮ |
| P.W6 | દિલીપભાઇ ચુનીલાલ પટેલ (**ડિસ્કવરી પંચનામા તથા મદ્દામાલ કાથીની દોરીના ટુકડા કબજે કર્યાના પંચનામાના પંચ –હોસ્ટાઇલ**) | ૩૫ |
| P.W7 | ઇમરાનભાઇ દાઉદભાઇ ખોખર (**મોટર સાયકલના સ્પેરપાર્ટસ કબજે કર્યાના પંચનામાના પંચ**) | ૩૮ |
| P.W8 | આલોકકુમાર રાજેશભાઇ પટેલ (**સી.સી.ટી.વી. કુટેજ કબજે કર્યાના પંચનામાના પંચ–હોસ્ટાઇલ** ) | ૪૩ |
| P.W9 | નગીનભાઇ અંબાલાલ પ્રજાપતિ (**આરોપીનાં બળેલ કપડાની રાખ કબજે કર્યાના તેમજ ભુખી નદીના કાંસમાંથી પાણી કબજે કર્યાના પંચનામાના પંચ– હોસ્ટાઇલ**) | ૪૬ |
| P.W10 | મંગળભાઇ બાબુભાઇ વસાવા (**મરનારના પિતા–ફરીયાદી–હોસ્ટાઇલ**) | ૫૭ |
| P.W11 | અજય રમેશ વસાવા (**મરનારના કાકાનો દિકરો – હોસ્ટાઇલ**) | ૫૯ |
| P.W12 | અજય પ્રવિણ વસાવા (**મરનારના કાકાનો દિકરો – હોસ્ટાઇલ**) | ૬૦ |
| P.W13 | અસ્લમહુસૈન ઐયુબભાઇ ખોખર (**સાહેદ–હોસ્ટાઇલ**) | ૬૧ |

| | | |
|---|---|---|
| P.W14 | વિનોદ કનુભાઈ વસાવા **(સાહેદ–હોસ્ટાઈલ)** | ૬૨ |
| P.W15 | જગદિશભાઈ નગીનભાઈ વસાવા **(સાહેદ – હોસ્ટાઈલ)** | ૬૩ |
| P.W16 | રતિલાલ પાંચિયાભાઈ વસાવા **(સાહેદ– હોસ્ટાઈલ)** | ૬૪ |
| P.W17 | કાંતિભાઈ જીવણભાઈ વસાવા **(સાહેદ– હોસ્ટાઈલ)** | ૬૫ |
| P.W18 | સુકેશભાઈ કાંતિભાઈ વસાવા **(સાહેદ– હોસ્ટાઈલ)** | ૬૬ |
| P.W19 | કેતન મહેન્દ્રભાઈ પટેલ **(સાહેદ– હોસ્ટાઈલ)** | ૬૭ |
| P.W20 | ડો.જીજ્ઞેશભાઈ પારસીંગભાઈ વસાવા **(પી.એમ. કરનાર મેડીકલ ઓફિસર)** | ૬૯ |
| P.W21 | પ્રવિણભાઈ મંગળભાઈ વસાવા **(સાહેદ– હોસ્ટાઈલ)** | ૭૧ |
| P.W22 | કિરીટ મગન પાટણવાડીયા **(સાહેદ–હોસ્ટાઈલ)** | ૭૬ |
| P.W23 | સતિષભાઈ મોતીભાઈ વસાવા **(સાહેદ–હોસ્ટાઈલ)** | ૭૭ |
| P.W24 | વિજય રયજીભાઈ વસાવા **(સાહેદ–હોસ્ટાઈલ)** | ૭૯ |
| P.W25 | વિનોદભાઈ સોમાભાઈ ગામીત **(તપાસ કરનાર અધિકારી)** | ૮૦ |

## (બી) ફરિયાદપક્ષ તરફે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાની વિગત

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | મરનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું | ૧૭ |
| ૨. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૨૦ |
| ૩. | મરણ જનારના કપડા કબજે કર્યાનું પંચનામું | ૨૨ |
| ૪. | મરનારના કપડા કબજે કરેલ તેની મુદ્દામાલ સાથેની કાપલીઓ | ૨૩–૨૪ |
| ૫. | આરોપીની શરીરસ્થિતી, ગુનામાં વાપરેલ મોટરસ સાયકલ તથા આરોપીનાં કપડા કબજે કર્યાનુ પંચનામું | ૨૫ |
| ૬. | પંચ સ્લીપ | ૨૬–૨૭ |
| ૭. | રીકનસ્ટ્રકશન પંચનામું | ૨૯ |
| ૮. | પંચ સ્લીપ | ૩૦–૩૧ |
| ૯. | આરોપીની શરીરસ્થિતી, ગુનામાં વાપરેલ મોટરસ સાયકલ તથા આરોપીનાં કપડા કબજે કર્યાનુ પંચનામું | ૩૨ |
| ૧૦. | પંચ સ્લીપ | ૩૩–૩૪ |
| ૧૧. | ડિસ્કવરી પંચનામું | ૩૬ |
| ૧૨. | પંચ સ્લીપ | ૩૭ |
| ૧૩. | મોટર સાયકલના સ્પેરપાર્ટસ કબજે કર્યાનું પંચનામું | ૩૯ |
| ૧૪. | પંચ સ્લીપ | ૪૦ થી ૪૨ |
| ૧૫. | સી.સી.ટી.વી.ફુટેજ કબજે કર્યાનું પંચનામું | ૪૪ |
| ૧૬. | પંચ સ્લીપ | ૪૫ |

| | | |
|---|---|---|
| ૧૭. | આરોપીએ પોતાના બાળેલ કપડાની રાખ કબજે કર્યાનું પંચનામું | ૪૭ |
| ૧૮. | ભુખી નદીના કાસમાંથી પાણી કબજે કર્યાનું પંચનામું | ૪૮ |
| ૧૯. | પંચ સ્લીપ | ૪૯–૫૦ |
| ૨૦. | ફરિયાદ | ૫૮ |
| ૨૧. | સાહેદ સુરેશ કાંતીભાઇ વસાવાનું સી.આર.પી.સી. ૧૬૪ નુ નિવેદન | ૭૩ |
| ૨૨. | પી.એમ.રીપોર્ટ | ૭૦ |
| ૨૩. | સતિષભાઇ મોતીભાઇ વસાવાનું સી.આર.પી.સી. ૧૬૪ નુ નિવેદન | ૭૮ |
| ૨૪. | તપાસ સોંપવાની યાદી | ૮૧ |
| ૨૫. | ઇન્કવેસ્ટ પંચનામું કરવા મામલતદાર શિનોરને કરેલ યાદી | ૮૨ |
| ૨૬. | પી.એમ. કરવા કરેલ યાદી | ૮૩ |
| ૨૭. | ગુન્હાવાળી જગ્યાના પંચનામા અંગે પંચોના ફોટોગ્રાફસ | ૮૪ |
| ૨૮. | મરણ જનારની લાશનો કબજો મેળવ્યાની પાવતી | ૮૫ |
| ૨૯. | ગુનાવાળી જગ્યાના પ્રાથમિક પરીક્ષણનો અહેવાલ | ૮૬ |
| ૩૦. | આરોપીનાં મોબાઇલ નંબરની કોલ ડીટેઇલ્સ મેળવવાની યાદી | ૮૭ |
| ૩૧. | આરોપીની મોટર સાયકલની યાંત્રીક તપાસણી માટેની યાદી | ૮૮ |
| ૩૨. | ગુન્હાવાળ જગ્યાનો નકશો તૈયાર કરવા કરેલ યાદી | ૮૯ |
| ૩૩. | આરોપી રણજીત વસાવાનું સારવાર સર્ટી | ૯૦ |
| ૩૪. | રીકન્સ્ટ્રકશન પંચનામા અંગેના ફોટોગ્રાફસ | ૯૧ |
| ૩૫. | આરોપીની મોટર સાયકલનું એફ.એસ.એલ. અધિકારી મારફતે પ્રાથમિક નિરીક્ષણ કરવાની યાદી | ૯૨ |
| ૩૬. | એફ.એસ.એલ. અધિકારીનો પ્રાથમિક સ્થળ પરિક્ષણ અહેવાલ | ૯૩ |
| ૩૭. | મરણ જનારના મોબાઇલની કોલ ડીટેઇલ્સ મેળવવાની યાદી | ૯૪ |
| ૩૮. | કલમ–૧૧૪ નો ઉમેરો કરવાની યાદી | ૯૫ |
| ૩૯. | બંને આરોપીઓની મોબાઇલમાં વાત–ચીત અંગે કોલ ડીટેઇલ્સ મેળવવાની યાદી | ૯૬ |
| ૪૦. | મરણ જનારના પી.એમ. વખતેના નમુના મેળવવાની યાદી | ૯૭ |
| ૪૧. | સાહેદોના સી.આર.પી.સી. ૧૬૪ ના નિવેદનો નોંધવાની યાદી | ૯૮–૯૯ |
| ૪૨. | મુદ્દામાલ રવાનગી નોંધ | ૧૦૦ |
| ૪૩. | એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળ્યાની પહોંચો નં. ૬ સંયુકત | ૧૦૧ |
| ૪૪. | મુદ્દામાલ (વિસેરાના નમુના) પરિક્ષણ અહેવાલ | ૧૦૨ |
| ૪૫. | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર | ૧૦૩ |
| ૪૬. | મુદ્દામાલ (માટીના નમુના) પરિક્ષણ અહેવાલ | ૧૦૪ |
| ૪૭. | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર | ૧૦૫ |
| ૪૮. | મુદ્દામાલ (પાણી તથા સ્ટર્મન બોનના નમુના) પરિક્ષણ અહેવાલ | ૧૦૬ |

| | | |
|---|---|---|
| ૪૯. | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર | ૧૦૭ |
| ૫૦. | મુદ્દામાલ (દોરીના ટુકડા–મોટર સાયકલના સ્પેરપાર્ટસ) પરિક્ષણ અહેવાલ | ૧૦૮ |
| ૫૧. | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર | ૧૦૯ |
| ૫૨. | મુદ્દામાલ (દોરીના ટુકડા) પરિક્ષણ અહેવાલ ફોરવર્ડીંગ પત્ર સહિત | ૧૧૦ |
| ૫૩. | મુદ્દામાલ (કપડા અને લોહીના નમુના) પરિક્ષણ અહેવાલ | ૧૧૧ |
| ૫૪. | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર | ૧૧૨ |
| ૫૫. | ગુનાવાળી જગ્યાનો નકશો | ૧૧૩ |
| ૫૬. | ગુન્હાવાળી જગ્યા અંગેનો મામલદાર, શિનોરનો પત્ર | ૧૧૪ |
| ૫૭. | આરોપીઓની અટક અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની યાદ | ૧૧૫ |

## (સી) બચાવપક્ષે સાહેદ જો હોય તો

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| --- | --- | --- |

## (ડી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| --- | --- | --- |

## (ઇ) મુદ્દામાલની વિગત

| અ.નં. | પાવતી નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૦૧ | ૧૧૧૯૭૦૪૬૨૧૦૩૯૪/એમપી/૧ | મરણ જનારના કપડાં |
| ૦૨ | ૧૧૧૯૭૦૪૬૨૧૦૩૯૪/એમપી/૨ | આરોપી રણજીભાઇના કપડાં |
| ૦૩ | ૧૧૧૯૭૦૪૬૨૧૦૩૯૪/એમપી/૩ | મોટર સાયકલના સ્પેરપાર્ટસ |
| ૦૪ | ૧૧૧૯૭૦૪૬૨૧૦૩૯૪/એમપી/૪ | મોટર સાયકલના સ્પેરપાર્ટસ |
| ૦૫ | ૧૧૧૯૭૦૪૬૨૧૦૩૯૪/એમપી/૫ | અર્ધબળેલ રાખ, કન્ટ્રોલ માટી |
| ૦૬ | ૧૧૧૯૭૦૪૬૨૧૦૩૯૪/એમપી/૬ | આરોપી મયુરના કપડાં |
| ૦૭ | ૧૧૧૯૭૦૪૬૨૧૦૩૯૪/એમપી/૭ | કાથીની દોરીના ત્રણ ટુકડા |
| ૦૮ | ૧૧૧૯૭૦૪૬૨૧૦૩૯૪/એમપી/૮ | સી.સી.ટી.વી. ફુટેજ–પેનડ્રાઇવ |

## –: ચુ કા દો :–

**પ્રસ્તાવના :–**

**૦૧.** આ સેશન્સ કેસ શિનોર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ એફ.આઇ.આર. નં. ફસ્ટ ૧૧૧૯૭૦૪૬૨૧૦૩૯૪/૨૦૨૧ તા.૦૫.૦૫.૨૦૨૧ના ઇ.પી.કો. કલમ–

૩૦૨,૨૦૧,૧૧૪ અન્વયેના ગુના પરથી ઉપસ્થીત થયેલ છે. તે ગુનાની તપાસનાં અંતે શિનોર પોલીસ દ્વારા એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, શિનોરમાં ચાર્જશીટ રજૂ કરેલ. તે ફોજદારી કેસ નં. ૧૧૪૪/૨૦૨૧ થી રજીસ્ટર કરવામાં આવેલ. તે ફોજદારી કેસ કમીટ કરવામાં આવેલ. આથી, આ સેશન્સ કેસ તે કેસ ઉપરથી કમીટ થઈને આવતાં અત્રેની કોર્ટમા સેશન્સ કેસ નં. ૧૬/૨૦૨૧ થી રજીસ્ટર થયેલ છે. આમ, આ કેસ અત્રેની કોર્ટમાં ઉપસ્થિત થયેલ છે.

## <u>ફરીયાદપક્ષના કેસની ટુંકી વિગત:–</u>

**૦૨.** આ કામનાં ફરિયાદી મંગળભાઈ બાબુભાઈ વસાવા કે જેઓ મરણ જનાર વિજયાઈ મંગળભાઈ વસાવાના પિતા થાય છે, તેઓએ આ ગુનાની પ્રથમ માહિતી તા.૦૫.૦૫.૨૦૨૧ના રોજ પોલીસ સબ ઈન્સ્પેકટર, શિનોર પોલીસ સ્ટેશન સમક્ષ જાહેર કરેલી છે. તેઓએ જે ફરિયાદ હકીકત લખાવેલ છે, તે અક્ષરસ: નીચે મુજબ છે.

"મારૂ નામ મંગળભાઈ બાબુભાઈ વસાવા ઉ.વ.૬૨ ધંધો: મજુરી, રહે. ઉતરાજ, જુનુ તળાવવાળુ ફળીયુ, તા. શિનોર, જિ.વડોદરા. મો. નં.૮૧૪૧૪ ૮૫૬૧૮.

રૂબરૂમાં આવી જાહેર કરી મારી ફરીયાદ હકીકત લખાવું છુ કે, હું ઉપરનાં બતાવેલા સરનામે મારા પરિવાર સાથે રહી ખેતમજુરી કરી મારૂ જીવન ગુજારુ છું. મારે વસ્તારમાં એક છોકરો વિજયભાઈ છે. જેની ઉવ.૩૭ ની છે. જેના લગ્ન આજથી વીસ વર્ષ પહેલા ભગાપુરા, તા.વાઘોડીયા જિ. વડોદરા ખાતે રહેતા રમણભાઈ ગબાભાઈ વસાવાની દિકરી રોશનીબેન સાથે કરેલ છે. જેને આ વીસ વર્ષના લગ્નજીવન દરમ્યાન વસ્તારમાં એક છોકરો તથા બે છોકરીઓ છે. જેમાં મોટી દિકરી હિરલબેન ઉવ.૮ ની છે. ત્યારબાદ નેહાબેન ઉવ.૭ ની છે. સૌથી નાનો દિકરો ઉવ.૫ નો છે. મારી પત્ની જશોદાબેન આજથી ચાલીસ વર્ષ પહેલા સુવાવડ દરમ્યાન મરણ ગયેલ છે. હું મારા દિકરા વિજયભાઈ સાથે રહુ છું.

આજથી આશરે સાતેક દિવસ પહેલા એટલ કે ગઇ તા.૨૭.૦૪.૨૦૨૧ ના રોજ સવારના છ એક વાગ્યાના સુમારે મારો દિકરો વિજયભાઈનાઓ અમારા ગામના ઈનાભાઈ મનુભાઇ રાઠોડ (મુસ્લીમ) નાઓના ખેતરે મજુરી કામ અર્થે ગયેલ હતો. હું તથા મારા દિકરાની વહુ ઘરે હાજર હતાં. ત્યારબાદ સાંજના છ એક વાગ્યાના સુમારે આ મારો દિકરો વિજયભાઈનાનો મજુરીથી ઘરે આવેલ હતો. આ મારો દિકરો વિજયભાઇનાઓ રોજ સવારમાં છ વાગ્યે ઈનાભાઈના ત્યાં ખેતમજુરી એ જાય છે અને બપોરના બારેક વાગ્યાના સુમારે ઘરે જમવા સારૂ આવે છે. ત્યારબાદ જમીને બપોરના બે એક વાગ્યાના સુમારે ફરીથી આ ઇનાભાઇના ત્યાં ખેતમજુરી માટે જતા રહે છે. પરંતુ, આ તા.૨૭. ૦૪. ૨૦૨૧ ના રોજ મારો દિકરો બપોરના ઘરે જમવા આવેલ ન હતો. અને સાંજે છ વાગે ખેતીનું કામ પુરૂ કરી ઘરે આવેલ હતો. અને સાંજના સાતેક વાગ્યા સુધી ઘરે રોકાયેલ હતો. ત્યારબાદ તેને મને કહેલ કે હું મરઘીનુ બચ્ચુ શોધવા જાવ છું, તેવુ કહી ઘરેથી જતો રહેલ. અને ત્યારબાદ તેઓ રાત્રીના મોડા સુધીનો સમય પુરો થઈ જતા પણ ઘરે આવેલ નથી. અને આ મારો દિકરો ઘરે આવી જશે તેવી આશાએ અમો કોઈ જગ્યાએ તપાસ કરવા ગયેલ ન હતા. ત્યારબાદ બીજા દિવસે હું તથા મારા દિકરાની વહુ રોશનીબેનનાઓ સાથે એ રીતે મારા દિકરાની શોધખોળ કરવા સારુ ટીમ્બરવા કેનાલ સુધી ગયેલા હતાં પરંતુ, તે મળી આવેલ ન હતો. ત્યારબાદ બીજા દિવસે એટલે કે તા.૩૦.૦૪.૨૦૨૧ ના રોજ મારો દિકરો પરત નહી આવતા તેની ગુમ થયા અંગેની જાહેરાત આપવા સારૂ શિનોર પોલીસ સ્ટેશન ગયેલ હતો. અને ત્યાં આ મારા દિકરા વિજયભાઈ મંગળભાઈ વસાવા ઉવ. ૩૮ રહે. ઉતરાજ, તા.શિનોર, જિ.વડોદરાનાઓની ગુમ બાબતેની જાહેરાત આપેલ છે. જે જાહેરાત શિનોર પોલીસ સ્ટેશન ગુમ જાણવા જોગ નંબર ૦૪/૨૧ નોંધાયેલ છે. ત્યારબાદ શિનોર પોલીસ સ્ટેશન તરફથી આ મારી જાહેરાત બાબતે મારા દિકરાની શોધખોળ કરતા હતાં. અને આ મારા દિકરાની વહુ રોશનીબેનનો અમારા ફળીયામાં રહેતા રણજીતભાઇ અશ્વિનભાઇ વસાવા રહે.ઉતરાજ, તા.શિનોર, જિ.વડોદરા નાઓ સાથે પ્રેમસબંધ હોય અને આ બાબતની જાણ અમોને આ મારો દિકરો ગુમ થયાના એક મહીના પહેલા થતાં આ બાબતે મે

તથા મારા દિકરાએ આ મારા દિકરાની વહુ રોશનીબેનને તથા રણજીતભાઈ અશ્વિનભાઈ વસાવાનાઓને ઠપકો આપેલ. અને એકબીજા સાથે પ્રેમસબંધ નહી રાખવા સમજાવેલ હતા. અને આ મારો દિકરો ગુમ થયો તે દિવસથી આ રણજીતભાઈ અશ્વિનભાઈ વસાવાનાઓ પણ ઘરે આવેલ ન હોય, તથા મારો દિકરો ગુમ થયાના બીજા દિવસે મારા દિકરાની વહુ રોશનીબેનનાઓએ અમારા ફળીયાના અજયભાઈ વસાવાનાઓના મોબાઈલથી આ રણજીતભાઈ અશ્વીનભાઈ વસાવાના મોબાઈલ નંબર ઉપર ફોન કરી આ મારા દિકરા વિજયભાઈ બાબતે પુછતા તેને પોતાને કઈ ખબર નથી તેવુ જણાવેલ. જેથી આ મારા દિકરાની વહુએ આ રણજીતભાઈને ફોન પર જણાવેલ કે આ મારા પતિ વિજયભાઈને મારી નાંખી મારી સાથે લગ્ન કરવાનું કહેતા હોય જેથી તમે તો મારા પતિને કશુ કરી નથી નાખ્યુ ને ? તેવુ કહેતા આ રણજીતભાઈનાઓ આ વિજયભાઈ બાબતે મને કશું ખબર નથી તેવુ જણાવેલ. ત્યારબાદ પોલીસ મારા દિકરાની શોધખોળ કરતી હોય અને શોધખોળ કરતા આ મારા દિકરાની લાશ આ રણજીતભાઈનાઓએ પોલીસને બતાવેલ હોય અને પોલીસે મારા દિકરાની લાશ મોજે ઉતરાજ ગામની સીમમાં ભુખી વગામાં ભરતભાઈ પ્રવીણભાઈ નાકરાણીના દિવેલાના વાવેતરવાળા ખેતરમાં ભુખી નદીની કાંસ માં ઝાડીઝાખરામાંથી આ રણજીતભાઈ અશ્વીનભાઈ વસાવાનાઓના બતાવવા થી મળી આવેલ છે. જેથી પોલીસે આ મારી દિકરાની લાશ અમોને બતાવતા મેં લાશની ઓળખ કરેલ છે. જે લાશ મારા દિકરા વિજયભાઈની છે. સદર લાશમાંથી ખુબ દુર્ગંધ આવતી હોય અને લાશ ઉપર જીવડા પડી ગયેલ છે.

જેથી આ રણજીતભાઈ અશ્વીનભાઈ વસાવા રહે.ઉતરાજ, તા.શિનોર જિ.વડોદરા નાઓએ મારા દિકરાની વહુ રોશનીબેન સાથે પ્રેમસબંધ હોય અને જેની જાણ મારા દિકરાને થતા મારાં દિકરાએ આ રણજીતભાઈને તેની પત્ની રોશનીબેન સાથે પ્રેમસબંધ નહી રાખવા સમજાવતા આ રણજીતભાઈ વસાવાનાઓ તેના તથા મારા દિકરાની વહુ રોશનીબેનના પ્રેમસબંધ વચ્ચે આડીખીલીરૂપ હોય જેથી તા.૨૭.૦૪.૨૦૨૧ ના કલાક ૧૯:૦૦ થી કલાક

૨૩:૦૦ દરમ્યાન કોઇપણ સમયે મોજે ઉતરાજ ગામની સીમમાં ભુખી વગામાં ભરતભાઈ પ્રવીણભાઈ નાકરાણીના દિવેલાના વાવતેરમાં ભુખી નદીના કાંસમાં મારા દિકરાનુ ખુન કરી મોત નિપજાવી, તેની લાશને સંતાડી પુરાવાનો નાશ કરી ગુનો કરેલ હોય તેના વિરૂદ્ધમાં કાયદેસર તપાસ થવા મારી ફરીયાદ છે.

એટલી મારી ફરીયાદ હકીકત મારા લખાવ્યા મુજબ બરાબર અને ખરી છે."

## <u>પોલીસે કરેલ કાર્યવાહીની વિગત:–</u>

**૦૩.** આ ફરિયાદ અંગે પોલીસે ગુનો દાખલ કરી ગુનાની તપાસ શરૂ કરેલી. ગુનાની તપાસ પોલીસ સબ ઈન્સ્પેકટર, શિનોર શ્રી વી.એસ.ગાવીતને પ્રથમ સોંપાયેલી. તેઓએ ઈન્કવેસ્ટ પંચનામું લાશનું કરી મૃતક વિજયભાઇ મંગળભાઈ વસાવા ની લાશને પોસ્ટ–મોર્ટમ માટે મોકલવા રીપોર્ટ કરેલ હતો. જે અન્વયે સરકારી હોસ્પિટલ, સાધલીમાં મર્હુમની લાશનું પોસ્ટ–મોર્ટમ કરવામાં આવેલ. પંચો રૂબરૂ બનાવ બનેલ તે સ્થળનું પંચનામું કરવામાં આવેલ. મરણ જનારનાં કપડા પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લીધેલ. તપાસ દરમ્યાન બંને આરોપીઓ મળી આવેલા. જે પૈકી આરોપી નં. ૧ નાઓને તા.૦૮.૦૫.૨૦૨૧ના રોજ તથા આરોપી નં.૨ નાઓને તા.૧૫.૦૫.૨૦૨૧ના રોજ વિગતવારનું અટક પંચનામું કરી આરોપીઓનાં કપડાં કબજે લીધેલા. આરોપીએ ગુનો કરી ગુનાનું હથિયાર છુપાવેલ, તે રીકવરી પંચનામું કરી કબજે લીધેલ. આરોપીઓએ ગુનાને કેવી રીતે અંજામ આપેલ તે અંગેનું રીકન્સ્ટ્રકશન પંચનામું તેમજ અન્ય જરૂરી પંચનામા કરેલા. બંને આરોપીઓનાં મોબાઇલ ફોનની કોલ ડીટેઇલ્સ તેમજ મરણ જનારના ફોનની કોલ ડીટેઇલ્સ મેળવવાની કાર્યવાહી કરેલી. વધુમાં, તપાસ દરમ્યાન એફ.એસ.એલ.ની સ્થળ વિઝીટ કરાવી તેનો અહેવાલ મેળવેલ. પોસ્ટ–મોર્ટમ રીપોર્ટ મેળવેલ. આરોપી તથા મર્હુમની લાશનાં નમુના તથા વિસેરા મર્હુમના મેળવેલા. બનાવ સ્થળનો નકશો તૈયાર કરાવવા જરૂરી યાદી કરી, બનાવ સ્થળનો નકશો મેળવેલો. ગુનામાં વપરાયેલ કાથીની દોરી તેમજ

આરોપી અને મરણ જનારનાં કપડાં તથા લોહીનાં નમુના તથા બનાવ સ્થળેથી મેળવેલ પાણી–માટી વિગેરેનાં નમુના જરૂરી રવાનગી પત્રક તૈયાર કરી એફ.એસ. એલ. તરફ મોકલી આપેલ. અને એફ.એસ.એલ.નો રીપોર્ટ મેળવેલ. આ તપાસમાં તપાસ કરનાર અધિકારીએ મર્હુમનાં પિતા તથા તથા બનાવ સ્થળની આજુબાજુ રહેતાં સાહેદોના નિવેદનો લીધેલા.

**૦૪.** આ તપાસ દરમ્યાન આરોપી સામે પુરતો પુરાવો મળી આવતાં, ઉપરોકત મુજબનાં ગુનાની કાર્યવાહી કરવા આરોપી સામે ચાર્જશીટ કરેલું.

**કોર્ટની હકૂમત અંગે:–**

**૦૫.** ઉપરોકત ગુનાની તપાસનાં અંતે પોલીસ દ્વારા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૭૩ મુજબ આરોપી સામે ઇન્સાફી કાર્યવાહી કરવા સારૂ એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, શિનોર સમક્ષ ચાર્જશીટ કરેલ. તે ફોજદારી કેસ નં. ૧૧૪૪/૨૦૨૧ થી રજીસ્ટર કરવામાં આવેલ. તેઓ દ્વારા આ કેસ અત્રેની કોર્ટમાં કમીટ કરવાનો હુકમ કરતાં, સદર કેસ અત્રે કરજણ ખાતે સેશન્સ કોર્ટ મુકામે ફેરબદલ થઇ આવતાં સેસન્સ કેસ નં.૧૬/ ૨૦૨૧ થી રજીસ્ટર થયેલ છે. આમ, આ કેસ અત્રેની કોર્ટમા દાખલ થયેલ છે.

**ચાર્જ ઘડયાની વિગત:–**

**૦૬.** આ કામે તા.૨૨.૦૫.૨૦૨૩ના રોજ આંક–૧૩ થી મારાં વિ. પુરોગામીએ આરોપી સામે ઉપરોકત ગુના મુજબની ઇન્સાફી કાર્યવાહી કરવા સારૂ તહોમતનામું ફરમાવેલ છે. તેનો આરોપીઓએ અનુક્રમેદ આંક–૧૪ તથા૧૫ થી ઇન્કાર કરતો જવાબ આપેલ. આથી આ કેસ ફરિયાદ પક્ષના પુરાવા નોંધવા સારૂ રાખેલો.

**સાક્ષી તથા પુરાવાની વિગત:–**

**૦૭.** ફરિયાદ પક્ષે ઉપરોકત મુજબના કુલ–૨૫ સાક્ષીઓ તપાસેલા છે. તેમજ ઉપરોકત નોંધલ મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલા છે.

**ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયાની વિગત:–**

**૦૮.** ફરિયાદ પક્ષે ઉપરોકત મુજબના પુરાવા રજૂ થયા બાદ, વિ. એડીશ્નલ પી.પી.

શ્રી આર.એમ. જ્ઞાનચંદાણી દ્વારા ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ જાહેર કરી આંક–૧૧૬ થી ફરિયાદ પક્ષ તરફે કલોઝીંગ પુરસીશ રજૂ કરેલ છે.

## આરોપીનાં વિશેષ નિવેદનની વિગત:–

૦૯. આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે તેની વિરૂદ્ધ રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવા અંગે વિશેષ નિવેદન વિગતવારનું લેવામાં આવેલ છે. તેમાં આરોપીએ પુરાવાનો ઈન્કાર કરતો જવાબ આપેલ છે. આરોપીએ બચાવ માં સાક્ષીઓ તપાસવા માંગતા નથી, તેમજ તેઓ સોગંદ ઉપર પુરાવો આપવા માંગતાં નથી તેમ જણાવી, વિશેષમાં તેઓ નિર્દોષ છે અને ફરિયાદ મુજબનો ગુનો કરેલ નથી, તેમ જાહેર કરેલ છે.

## ફરીયાદ પક્ષની દલીલો:–

૧૦. ફરીયાદપક્ષે વિ. એડીશ્નલ પી.પી.શ્રી જે.એમ. કંસારાને સાંભળ્યા. તેઓએ દલીલ કરેલી છે કે, આ કામે બનાવ નજરે જોનાર સાહેદ મળી આવેલ નથી. પરંતુ, આરોપીઓ સામે મરનાર હતાં, તે બાદ મરનાર મળેલ નથી, તેવો ફરિયાદ પક્ષનો કેસ છે. વધુમાં, આ કામે તપાસ કરતા અધિંકારી દ્વારા રીકવરી કરવામા આવેલી છે. તેના ઉપરથી આરોપીઓ આક્ષેપિત ખૂનના ગુન્હામાં સંડોવાયેલાનુ સાબિત થાય છે. આરોપી રણજીતને મરનાર વિજયની પત્ની સાથે પ્રેમ સંબંધ હતાં, તેવો સાહેદ નં.૧૧ નો પુરાવો છે. તેના કારણે મરનારનુ ખૂન રણજીતે પ્લાન ઘડી અન્ય આરોપીની મદદ લઈ કરેલ છે. આરોપી મોટર સાયકલ ઉપર બેસાડી અને મરનારને લઈ ગયેલ હતાં. તે મોટર સાયકલ રીપેર કરનારનો પુરાવો છે. તેમજ તપાસ કરતા અધિકારીનો પુરાવો પણ રેકર્ડ ઉપર આરોપીઓને ગુન્હા સાથે જોડતો છે. આમ દલીલ કરી તેઓએ બંને આરોપીઓને દોષિત ઠરાવવા કોર્ટને વિનંતી કરેલ છે.

## બચાવ પક્ષની દલીલો:–

૧૧. બચાવ પક્ષે વિ.વ.શ્રી એચ.ડી. ચાવડાએ મૌખિક દલીલ કરેલ છે. તેમજ આંક–૧૩૯ થી લેખિત દલીલો પણ રજૂ કરેલ છે. તેઓની મુખ્યત્વે રજૂઆત

એવી છે કે, આ કામે આરોપીઓને ગુન્હા સાથે જોડતો કોઇ સીધો પુરાવો નથી. આરોપીઓ પૈકી કોઇ મરનારની સાથે બનાવનાં દિવસે હોય તેવો કોઇ સાહેદનો પુરાવો નથી. મહત્વના સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલા છે. આરોપી રણજીતને મરનારની પત્ની સાથે સંબંધ હતાં, તે અંગેના કોઇ પુરાવા કોર્ટ સમક્ષ નથી. જે પુરાવા રજૂ થયેલા છે, તે પણ હીયર–સે છે. ફરિયાદ પક્ષે તપાસેલા પંચો અને અન્ય તમામ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલા છે. સાહેદ નં.૧ થી ૧૯ અને ૨૧ નાઓ તેમજ સાહેદ નં.૨૨,૨૩ અને ૨૪ પણ હોસ્ટાઇલ જાહેર થયેલ છે. આમ દલીલ કરી તેઓએ ફરિયાદ પક્ષનો કેસ સાબિત ન થતો હોવાની દલીલ કરેલ છે. તેઓએ દલીલના અંતે બંને આરોપીઓને નિર્દોષ મુકત કરવા કોર્ટને વિનંતી કરેલ છે.

**<u>નિર્ણય માટેના પોઇન્ટસ:–</u>**

**૧૨.** બંને પક્ષની દલીલો ધ્યાને લીધી. તે સાથે મેં રેકર્ડ, પ્રોસીડીંગ્સ અને પુરાવા વંચાણે લીધેલ છે. આથી, આ કેસનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ નિવડેલ છે કે, વિજયભાઇ મંગળભાઇ વસાવાનું તા.૨૭.૦૪.૨૦૨૧ રોજ થયેલ મૃત્યુ અકુદરતી હતુ અને તે સાપરાધ મનુષ્ય વધ હતો ?

૨. શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ નિવડેલ છે કે, આરોપીઓએ ૨૭.૦૪.૨૦૨૧ ના રોજ મરણ જનાર તથા આરોપી રણજીત તેની હોન્ડા સાઇન લઇ મરઘીનું બચ્ચુ શોધવા નિકળેલ હતાં. તે વખતે આરોપી રણજીતે તેનાં કુઇના દિકરા આરોપી મયુરને ફોન કરી સાધલી બોલાવી, સાધલી ગામે બંધ ગેરેજની અડારીથી થાંભલીએથી કાથીની દોરી લઇ, મરણ જનાર તથા આરોપીઓ ઉતરાજ ગામની સીમમાં ભુખી નદી પાસે આવેલ ભરતભાઇ પ્રવિણભાઇ નાકરાણીના દિવેલાના ખેતરમાં બંને આરોપીઓએ મરણ જનાર વિજયને લઇ જઇ કાથીની દોરી વડે ગળે ટુંપો આપી, ત્યારબાદ મરણ જનારનાં શર્ટ વડે વીંટાળી ગળે ટુંપો આપી એકબીજાની મદદગારીમાં વિજયનું સ્થળ ઉપર મોત નિપજાવી, મરણ જનારની લાશને ભુખી નદીના કાંસની ઝાડીમાં છુપાવી દઇ પુરાવાનો નાશ કરેલ. આમ કરી આરોપીઓએ ઇ.પી.કો. કલમ–૩૦૨,

૨૦૧, ૧૧૪ મુજબનો સાઅપરાધ મનુષ્ય વધ ખુનનો ગુન્હો કરેલ છે?

૩. શું હુકમ?

**<u>ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો:–</u>**

**૧૩.** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમા,

૨. નકારમા,

૩. આખરી હુકમ મુજબ.

**<u>–: કા ર ણો:–</u>**

**<u>મુદ્દા નં.૧ :–</u>**

**૧૪.** આ કામે પુરાવાની ચર્ચા કરતાં પહેલા એ નોંધવું જરૂરી છે કે, ફરિયાદપક્ષ ઉપર પ્રથમ એ જવાબદારી છે કે, તેઓ તમામ વ્યાજબી શંકાથી પર આરોપી સામેનો ચાર્જ સાબિત કરે. આરોપીને મૌન રહેવાનો અધિકાર છે. આરોપીનાં નબળા બચાવનો લાભ ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ બનતો નથી. ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવા બંધાયેલા છે. ફરિયાદપક્ષે રજૂ કરેલ પુરાવામાં વ્યાજબી કહી શકાય તેવી શંકા માલુમ પડે તો, તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. વધુમાં, સાહેદ કોઈ હકીકત અંગે ખોટો પુરાવો આપે છે કે, સત્ય છુપાવે છે તે માત્રથી તેનો સમગ્ર પુરાવો ઈન્કારી શકાય નહી. કારણ કે, આપણી ન્યાય પ્રણાલીમાં **"Falsus in uno, falsus in omnibus"** સિદ્ધાંત આપણી ન્યાય પ્રણાલીમાં લાગુ પડતો નથી, તેમ નામ. સર્વોચ્ચ અદાલતે તેમની સમક્ષના **T.G Krishnamurthy vs State of Karnataka, Cri.Appeal No.(s) 1265/2012 Dtd. 17/08/2023** કર્ણાટકના કેસમાં પેરા-૭ માં ઠરાવેલ છે.

"***7. The principle governing "Falsus in uno, falsus in omnibus" has got no application to the courts in India. Therefore, it is the duty of the Court to remove the chaff from the grain in its pursuit for truth. As rightly held by the High Court PW1, PW27 and PW28 are the injured eye-witnesses. They were attacked along with deceased no.1. The reasoning adopted for the acquittal of the accused qua the death of deceased no.2 cannot be imported to that of the first accused and the***

***injuries caused to the aforesaid three witnesses. Thus, we do not find any error in the approach adopted by the High Court. "***

**૧૫.** વધુમાં, પુરાવામાં હંમેશા પુરાવાની ગુણવત્તાને મહત્વ આપવાનું છે નહી કે, પુરાવાના જથ્થાને. આ અંગે કાયદો ખૂબ સ્પષ્ટ છે. કોઇ હકીકતની સાબિતી માટે ચોકકસ સંખ્યામાં સાક્ષી હોવા જરૂરી નથી. પરંતુ, એવીડન્સ એકટની કલમ–૧૩૪ મુજબ એક સાક્ષીનો પુરાવો પણ વિશ્વાસપાત્ર હોય, તો તે ફરિયાદ પક્ષના કેસની સાબિત માટે પુરતો છે. પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૫ વંચાણે લેતાં, હકીકતની સાબિતી માટેનો બોજો સૌપ્રથમ ફરિયાદ પક્ષ ઉપર ક્રિમીનલ ટ્રાયલમાં રહેલ છે. વળી, સાબિતી માટેનો અપેક્ષીત પુરાવો પુરાવા અધિનિયમની કલમ–૩ મુજબ પ્રુડન્ટ વ્યકિત સાબિત માટે અપેક્ષીત રાખે તેટલા પુરાવાની અપેક્ષા રાખવાની છે. વળી, આરોપીનાં ખાસ જ્ઞાનમાં રહેલ માહિતીનો બોજો તેનાં પર છે. આ અંગે પુરાવા અધિનિયમની કલમ–૧૦૫ અને ૧૦૬ છે. આ તમામ સિદ્ધાંતો ધ્યાને રાખી હાથ ઉપરના કેસમાં પુરાવાનું મુલ્યાંકન આ કોર્ટે કરવાનું રહે છે.

**૧૬.** હવે, સૌપ્રથમ વિજયભાઇ મંગળભાઇ વસાવાનું મૃત્યુ કુદરતી હતું કે અકુદરતી અને તે સાઅપરાધ મનુષ્ય વધમાં સમાવિષ્ટ છે કે કેમ? તે મુદ્દા નં.૧ માં ચકાસવાનું છે. આ કામે મરનારની લાશનુ પોસ્ટ મોર્ટમ કરનાર મેડીકલ ઓફિસર સાહેદ નં.૨૦ ડો.જીજ્ઞેશ પારસીંગભાઇ વસાવાનો પુરાવો આંક–૬૯ થી નોંધવામાં આવેલ છે. તેઓનાં પુરાવામાં આંક–૭૦ થી તેમનાં હસ્તાક્ષરમાં તૈયાર થયેલ પોસ્ટ મોર્ટમ નોટ રજૂ થયેલ છે. તેઓએ સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, તા. ૦૫.૦૫.૨૦૨૧ના રોજ શિનોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર તેઓ ફરજ પર હતાં. તે સમયે વિજય મંગળભાઇ વસાવાની લાશ પી.એસ.આઇ.શ્રી વી.એસ. ગાવીતનાએ યાદી સાથે પરિક્ષણ માટે રજૂ કરેલી. આ લાશનું તેઓએ પેનલ ડોકટરશ્રી વૈભવ શ્રીવાસ્તવ સાથે પોસ્ટ મોર્ટમ કરેલું. તેમના પુરાવા મુજબ લાશ સડી ગયેલી હતી. તેના કારણે વિશેષ ઇજાઓ જાણી શકાયેલી ન હતી. તેમજ ગળાના ભાગે ઘાટા કથ્થાઇ કલરનું ચકામું હતું. અને આંતરીક તપાસ કરતાં ગળાના ભાગે હાયોડ બોનમાં ઉપરના ભાગે થાઇરોડ કાર્ટીલેજના ભાગે ચકામું હતું અને ફ્રેકચર હતું. તેઓએ સ્પષ્ટ અભિપ્રાય આપેલો કે,

મરનારનું મૃત્યુ ગળુ દબાવવાના કારણે ગુંગળાઇ જતાં થયેલ છે. તેઓનાં મૌખિક પુરાવા મુજબની સ્પષ્ટ નોટ તેઓનાં પી.એમ. નોટમાં પણ છે. આ સાહેદની ઉલટ તપાસ બચાવ પક્ષે કરેલી છે. પરંતુ, તેમાં મૃત્યુના અભિપ્રાય અંગે સાહેદે આપેલ સ્પષ્ટ પુરાવાને ઉલટ તપાસમાં પણ ડગાવી શકાયેલ નથી. આમ, સદર મેડીકલ ઓફિસરનો પુરાવો વિશ્વાસપાત્ર જણાય છે. તેઓનાં પુરાવા આધારે મરનારનું મૃત્યુ અકુદરતી હતું, તેમ માનવું સંપૂર્ણપણે સલામત જણાય છે.

**૧૭.** ઉપરોકત કારણોસર મરનારનું મૃત્યુ ગળુ દબાવીને કરવામાં આવેલ છે. તે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૯ માં સાઅપરાધ મનુષ્ય વધની વ્યાખ્યા આપવામાં આવેલ છે, તે સાથે ઉપરોકત પુરાવો વંચાણે લેતાં તેમ સાબિત થાય છે કે, મર્હુમ વિજયભાઇ મંગળભાઇ વસાવાનું મૃત્યુ તા.૨૭.૦૪.૨૦૨૧ ના રોજ થયેલ, તે સાઅપરાધ મનુષ્ય વધ–અકુદરતી મૃત્યુ હતું. આથી, મુદ્દા નં.૧ હકારમાં નિર્ણીત કરવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ :–</u>**

**૧૮.** હવે, ફરિયાદ પક્ષના કેસ મુજબ આરોપીઓએ મળી મરનારનું ખૂન કરી પુરાવાનો નાશ કરેલ છે કે કેમ? તે ચકાસવાનુ રહે છે. આ કામે રજૂ થયેલ પુરાવામાં બનાવ નજરે જોનાર કોઇ સાહેદ કોર્ટ સમક્ષ આવેલ નથી. ફરિયાદ પક્ષનો કેસ એવો છે કે, આરોપી રણજીતભાઇને મરનાર વિજયભાઇની પત્ની રોશનીબેન સાથે પ્રેમ સંબંધ હતો. આથી, મરનારે રણજીતને રોશની સાથે પ્રેમ સંબંધ ન રાખવા સમજાવેલ હતો. તેમજ તેઓના પ્રેમ સંબંધમાં મરનાર નડતર રૂપ હોય, તેથી બનાવ તા.૨૭.૦૪.૨૦૨૧ ના રોજ મરનાર વિજયભાઇ અને રણજીત હોન્ડા ઉપર મરઘી શોધવા નિકળેલ હતાં. તેને આરોપી રણજીતે ફોન કરી સહ–આરોપીને સાધલી બંધ ગેરેજની પાછળ બોલાવેલો. ત્યાંથી તેઓ બંને મરનારને ખેતરમાં લઇ જઇ કાથીની દોરી વડે ગળે ટુંપો આપેલો. બંનેએ એક બીજાની મદદગારીમાં આ ગુન્હો કરેલો. અને મૃત્યુ નિપજાવી લાશને ફેંકી દીધેલી.

**૧૯.** ફરિયાદ પક્ષે તપાસેલા સાહેદોના પુરાવા ચકાસીએ તો સાહેદ નં.૧ કાંતીલાલ

ભાયલાલભાઈ વસાવા અને સાહેદ નં.૨ શંકરભાઈ મીઠાભાઈ વસાવા અનુક્રમે આંક–૧૬ અને ૧૮ થી તપાસાયેલા છે. તેઓએ મરનારની લાશનુ પોસ્ટ મોર્ટમ આંક–૧૭ નુ થયેલ છે, તેમાં તેમની સહી માત્ર છે, તેમ પુરાવો આપેલ છે. તેઓ બંનેને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. આમ, આ બંને પંચોથી ફરિયાદ પક્ષને સમર્થન મળેલ નથી. ત્યારબાદ ફરિયાદ પક્ષે સાહેદ નં.૩ નગીન અંબાલાલ પ્રજાપતિ આંક–૧૯ અને સાહેદ નં.૪ સતિષ અંબાલાલ વસાવાને આંક–૨૧ થી તપાસેલા છે. તેઓ આંક–૨૦ ના બનાવવાળી જગ્યાના પંચ છે. જયારે બીજા સાહેદ આંક–૨૨ ના મરણ જનારના કપડાં કબજે કરેલાના પંચ છે. આ પંચનામા અનુક્રમે આંક–૨૦ અને ૨૨ થી રજૂ થયેલ છે. સાહેદોએ તેમાં માત્ર તેમની સહી હોવાનો પુરાવો આપેલ છે. તેમજ પંચનામાના કપડામાંથી નિકળેલ કાપલીમાંની સહી પણ પોતાની સહી હોવાના પુરાવા આપેલ છે. આથી વિશેષ તેઓએ કોઈ પુરાવો આપેલ નથી. આથી તેમનાં પુરાવાનું ખાસ કોઈ મહત્વ રહેતું નથી.

**૨૦.** સાહેદ નં.૫ સલીમખાં હમીદખાં પઠાણ આરોપીઓએ પોલીસની હાજરીમાં બનાવ બનેલ તે જણાવી તેનું રીકન્સ્ટ્રકશન અને કપડા રજૂ કરેલ તેનાં પંચ છે. તેમનાં પુરાવામાં આંક–૨૯ ના પંચનામાની સહી તેમજ આંક–૩૨ ના પંનામામાં સહી ઓળખી બતાવેલ છે. તેમજ મુદ્દામાલ સાથેની સ્લીપમાં પણ સહી પણ તેઓએ ઓળખી બતાવેલ છે. તેઓએ પોલીસે સહી લીધેલાનો પુરાવો આપેલ છે. આથી વિશેષ તેઓએ ફરિયાદ પક્ષને સમર્થન કરેલ નથી. તે મુજબ સાહેદ નં.૬ દિલીપભાઈ ચુનીલાલ પટેલ આંક–૩૫ થી ડિસ્કવરી પંચનામાના પંચ છે. આંક–૩૬ થી તે ડિસ્કવરીનું પંચનામું રજૂ થયેલ છે. તેઓએ પણ માત્ર પંચનામામાં સહી કરેલાનો પુરાવો આપેલ છે. આથી વિશેષ તેઓએ ફરિયાદ પક્ષને સમર્થન આપેલ નથી.

**૨૧.** ફરિયાદ પક્ષે સાહેદ નં.૭ ઈમરાન ખોખરને આંક–૩૮ થી તપાસેલા છે. તેમનાં પુરાવામાં આંક–૩૯ થી પંચનામું રજૂ થયેલ છે. તેઓની હાજરીમાં પોલીસે ગુનામાં આરોપીએ ઉપયોગ કરેલ મોટર સાયકલને નુકશાન થયેલ હતું અને તેનાં પાર્ટસ કબજે કરેલ હતાં. તે પંચનામાના પંચ છે. તેઓએ ફરિયાદ પક્ષને

સમર્થન આપેલ છે. ઉલટ તપાસમાં પોલીસે તૈયાર લખેલ પંચનામામાં સહી લીધેલી. અને મુદ્દામાલ પોલીસ સ્ટેશને ટેબલ ઉપર સીલબંધ ગોઠવેલ હતો, તેમ પુરાવો આપેલ છે. ત્યારે આ સાહેદના પુરાવાનું પણ ખાસ મહત્વ રહેતું નથી. સાહેદ નં.૮ આલોકકુમાર પટેલ આંક–૪૫ ના પેનડ્રાઇવ, સાંઢલી ગ્રામ પંચાયતના સી.સી.ટી.વી. ફુટેજ લીધેલના પંચનામાના પંચ છે. તેઓએ આંક–૪૩ થી માત્ર પંચનામામાં સહી હોવાનો પુરાવો આપેલ છે. આમ, આ સાહેદથી પણ ફરિયાદ પક્ષને મદદ મળેલ નથી.

**૨૨.** સાહેદ નં.૯ આંક–૪૬ બનાવ સ્થળના પંચનામાના પંચ છે. તેઓએ પણ માત્ર આંક–૪૭ અને ૪૮ ના પંચનામામાં તેમની સહી પોલીસે લીધેલાનો પુરાવો આપેલ છે. આમ, આ સાહેદથી પણ ફરિયાદ પક્ષને કોઇ મદદ મળતી નથી.

**૨૩.** મહત્વના સાહેદ એવા મરનારનાં પિતા સાહેદ નં.૧૦ મંગળભાઇ બાબુભાઇ વસાવાનો પુરાવો આંક–૫૭ થી છે. તેઓના પુરાવા મુજબ બનાવ ત્રણેક વર્ષ પહેલા બનેલો. તેમનાં દિકરા વિજયના પત્ની રોશની હતી. તેઓ સાથે આ સાહેદ રહેતાં હતાં. બનાવનાં દિવસે તેમનો પુત્ર મરઘીનું બચ્ચુ શોધવા સાંજે ઘરેથી નિકળેલો. તેઓએ વધુમાં પુરાવો આપેલ છે કે, તેમનો પુત્ર ઘરે ન આવતાં તેઓએ અને તેમનાં દિકરાની વહું રોશનીએ તપાસ કરેલી હતી. તે બાદ તેઓએ પોલીસને જાણ કરેલી. તેમનાં દિકરાની લાશ દસ દિવસ પછી નદીનાં કાંસમાંથી ગધ મારતી મળી આવેલી. તેઓએ આંક–૫૮ થી પોલીસમાં લખાવેલ ફરિયાદ રજૂ કરેલ છે. આ સાહેદે ફરિયાદ પક્ષને સ્પષ્ટ સમર્થન ન આપતાં હોસ્ટાઇલ જાહેર કરેલા છે. તેમાં તેઓએ તેમનાં મરનાર દિકરાની વહું રોશનીને આરોપી રણજીત સાથે પ્રેમ સબંધ હોવાની હકીકતનો ઇન્કાર કરેલ છે. તેઓએ તેમનાં દિકરાને કોણે મારી નાંખેલ તે માહિતી ન હોવાનો પુરાવો આપેલ છે. આમ, આ સાહેદ મંગળભાઇએ ફરિયાદ પક્ષને સમર્થન આપેલ નથી. આથી, ફરિયાદ પક્ષનો કેસ નબળો બને છે.

**૨૪.** ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૧ અજય રમેશભાઇ વસાવાને આંક–૫૯ થી તપાસેલા છે. તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલ છે. તેઓએ બનાવનાં દિવસે વિજય

મરનાર મરઘીનું બચ્ચુ શોધવા ગયેલ અને પરત ન આવતાં તેનાં કાકાએ પોલીસને જાણ કરેલ હતી. તેમજ દસેક દિવસ પછી વિજયની લાશ મળેલ હતી. તેમજ પુરાવો આપેલ છે કે, વાતો વાતોથી તેને જાણવા મળેલ કે, વિજયની પત્નીને રણજીત સાથે પ્રેમ સબંધ હતો આથી વિજયને મારી નાંખેલ. આમ, આ સાહેદનો પુરાવો પ્રત્યક્ષ આરોપીને ગુના સાથે જોડતો રજૂ થતો નથી. આમ, આ સાહેદના પુરાવાથી પણ ફરિયાદ પક્ષને સમર્થન મળતું નથી.

**૨૫.** ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૨ અજય પ્રવિણભાઈ વસાવાને આંક-૬૦ થી તપાસેલા છે. તેઓએ પણ સાહેદ નં.૧૧ મુજબ પુરાવો આપેલ છે. તેઓનો પુરાવો પણ વાતો વાતોથી આરોપી રણજીતે મરનારને મારી નાંખેલ છે, તેવું જાણેલાનો પુરાવો આપેલ છે. આમ, આ સાહેદનો પુરાવો પણ આરોપીને ગુન્હા સાથે જોડવા માટે મહત્વનો બનતો નથી. સાહેદ નં.૧૩ અસ્લમહુસેન ઐયુબભાઈ ખોખરને આંક-૬૧ થી તપાસેલા છે. તેઓએ તેમની એ-વન ઓટો સર્વિસ ગેરેજ પર આરોપી રણજીત મોટર સાયકલ ઝાડ પડવાથી સ્લીપ થઈ ગયેલ, તેમ જણાવી નુકશાન પામેલ હાલતમાં રીપેરીંગ માટે લઈને આવેલ હોવાનો પુરાવો આપેલ છે. તેઓને પણ હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. તેઓએ પણ આરોપીને ગુન્હા સાથે જોડતો કોઈ સીધો પુરાવો આપેલ નથી.

**૨૬.** સાહેદ નં.૧૪ વિનુભાઈ કનુભાઈ વસાવાને આંક-૬૨ થી તપાસેલા છે. તેઓએ ભુખી નદીનાં કાંસમાં બનાવ સમયે માછીમારી કરવા ગયેલા. તે સમયે જગદિશ વસાવા, કમલેશ વસાવા, રાજેશ વસાવા મોટર સાયકલ ઉપર આવેલા. અને જગદિશની મોટર સાયકલ ઉપર માછીમારી કરવા ગયેલા. રણજીત (આરોપી) અને વિજય મરનાર પાછળથી માછીમારી કરવા આવેલા. તેઓ બધા મચ્છી પકડી ભાગ પાડી ઘરે જતાં રહેલા. ત્યારબાદ બીજા દિવસે વાતો વાતોથી જાણેલ કે, વિજય સાંજે ઘરેથી ગયેલ ત્યારબાદ મોડી રાત સુધી ઘરે આવેલ નહી. આમ, આ સાહેદના પુરાવાથી પણ સીધો પુરાવો આરોપીને ગુન્હા સાથે જોડતો મળી આવતો નથી. ઉલટ તપાસમાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ વિજય અને રણજીતને મોટર સાયકલમાં સાથે જતાં જોયેલ નથી. આમ, આ સાહેદથી પણ ફરિયાદ પક્ષને ખાસ મદદ મળતી નથી.

**૨૭.** ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૫ જગદિશ નગીનભાઈ વસાવાને આંક–૬૩ થી તપાસેલા છે. તેઓએ પણ સાહેદ નં.૧૪ મુજબ પુરાવો આપેલ છે. આ સાહેદ પણ તેમનાં પુરાવા મુજબ બનાવનાં આગળનાં દિવસે માછીમારી કરતાં સમયે આરોપી રણજીત અને મરનાર માછીમારીમાં હતાં તેમ પુરાવો આપેલ છે. પરંતુ, તેઓ મરનારની પત્ની સાથે આરોપી રણજીતને સંબંધ હતો, તે મુદ્દા અંગે ફરિયાદ પક્ષને સમર્થન આપતાં નથી. આમ, આ સાહેદના પુરાવાથી પણ ફરિયાદ પક્ષને મદદ મળતી નથી.

**૨૮.** ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૬ રતિલાલ વસાવાને આંક–૬૪ થી, સાહેદ નં.૧૭ કાંતિલાલ વસાવાને આંક–૬૫થી, સાહેદ નં.૧૮ સુરેશ વસાવાને આંક–૬૬ થી તથા સાહેદ નં.૨૧ પ્રવિણભાઈ મંગળભાઈ વસાવાને આંક–૭૧ થી તપાસેલા છે. આ ચારેય સાહેદોએ ફરિયાદ પક્ષને લેશમાત્ર સમર્થન આપેલ નથી. તેઓ તમામ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલ છે. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ફરિયાદ પક્ષના કેસ મુજબ મરનારની પત્ની સાથે રણજીત ને સબંધ હતાં અને આ બાબતે મરનાર અને તેનાં પિતાએ રણજીતને ઠપકો આપેલ હતો.

**૨૯.** ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૯ કોમ્પ્યુટર રીપરીંગ કરનાર કેતન પટેલે આંક–૬૭ થી પુરાવો આપેલ છે. તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સાઢલી ગ્રામ પંચાયત ઓફિસમાં લાગેલ સી.સી.ટી.વી.ના ફુટેજ તેઓની હાજરીમાં અને તેમની મદદથી પોલીસે મેળવેલ. અને તે મુજબ બે ઈસમો મોટર સાયકલ ઉપર બેસી જતા હતાં. આમ, આ સાહેદના પુરાવાથી પણ ફરિયાદ પક્ષને કોઈ મદદ મળેલ નથી. તેમજ સાહેદ નં.૨૨ કિરીટ મગનભાઈ પાટણવાડીયાનો પુરાવો આંક–૭૬ થી નોંધાયેલ છે. તેમનાં પુરાવા મુજબ તેમની ગેરેજ ઉપર કાથીની દોરી થાંભલી ઉપર બાંધેલ હતી, તે કોઈક લઈ ગયેલ. તેઓ આરોપીને ઓળખતાં નથી. આમ, આ બંને સાહેદના પુરાવાનું પણ કોઈ ખાસ મહત્વ રહેતું નથી.

**૩૦.** સાહેદ નં.૨૩ સતિષભાઈ મોહનભાઈ વસાવાનો પુરાવો આંક–૭૭ થી નોંધાયેલ છે. તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલ છે. તેઓએ ફરિયાદ પક્ષને સમર્થન

કરતો કોઈ પુરાવો આપેલ નથી. તેઓનું નિવેદન વિ. મેજીસ્ટ્રેટ સમક્ષ તપાસ દરમ્યાન આંક–૭૮ વાળુ નોંધાયેલું છે. પરંતુ, સાહેદે તે નિવેદનને સમર્થન આપતો પુરાવો આપેલ નથી. તેમનું નિવેદન પણ ખાસ કોઈ મદદરૂપ આરોપીઓને ગુના સાથે જોડતું થાય તેવું વિ. મેજીસ્ટ્રેટ સમક્ષનુ નથી.

**૩૧.** ફરિયાદ પક્ષે સાહેદ નં.૨૪ વિજય વસાવાને આંક–૫૯ થી તપાસેલ છે. તેઓએ વાતો વાતોથી બીજા દિવસે બનાવ અંગે માહિતી મળેલાનો પુરાવો આપેલ છે. તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિ. એડીશ્નલ પી.પી.એ લંબાણ–પૂર્વકના સુચક સવાલો પુછેલ છે. પરંતુ, તેમાં આરોપીને ગુન્હા સાથે જોડતો કોઈ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં તેઓ સફળ થયેલ નથી. આમ, ફરિયાદ પક્ષે તપાસેલા તમામ સાહેદોના પુરાવાથી આરોપીઓને ગુન્હા સાથે જોડતો કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવો રજૂ થતો નથી. તમામ સાહેદો ફરિયાદ પક્ષે તપાસાયેલ છે, તે હોસ્ટાઈલ જાહેર થયેલા છે. મરનારનાં પિતાએ પણ ફરિયાદ પક્ષને સમર્થન આપેલ નથી. તેઓએ મરનારની પત્ની સાથે આરોપી રણજીતને સંબંધ હતાં, તેનાં કારણે આ બનાવ બનેલ છે, તેવાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. તેમજ એ મુદ્દા ઉપર પુછાયેલા સુચક સવાલોમાં પણ તેઓએ ઈન્કાર કરતો જવાબ આપેલ છે.

**૩૨.** આ કામે આ ગુનાની તપાસ કરનાર પોલીસ અધિકારી વિનોદ સોમાભાઈ ગાવીત પી.એસ.આઈ. શિનોર તરીકે હતાં, તેઓને સાહેદ નં.૨૫ તરીકે ફરિયાદ પક્ષે તપાસેલા છે. તેમનો પુરાવો આંક–૮૦ થી નોંધાયેલ છે. તેઓએ લંબાણપૂર્વકનો પુરાવો તપાસનાં ભાગરૂપે તેઓએ કરેલી કામગીરી અંગે આપેલ છે. તેઓનો પુરાવો આ ગુનાની તપાસ અંગેનો રજૂ થયેલ છે. તે પરથી તેઓએ ગુન્હાની ગંભીરતાપૂર્વક તપાસ કરેલાનું માની શકાય તેમ છે. તેઓની તપાસમાં આરોપીઓને ગુના સાથે જોડતાં સાંયોગિક પુરાવા તેમને મળેલા છે. પરંતુ, આ કોર્ટ સમક્ષ તેઓ મહત્વના સાહેદોએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપવાનું પસંદ કરેલ નથી. તેમાં મરનારનાં મિત્રો, નજીકના સગાઓ વિગેરે છે. ત્યારે તપાસ કરતા અધિકારીનો પુરાવો તેઓએ તેમણે કરેલી કામગીરીના ભાગરૂપે સંતોષજનક છે. પરંતુ, તેનાં કારણે આરોપીઓને ગુના સાથે જોડી

દોષિત ઠરાવી શકાય તેમ નથી. આખરે ફરિયાદ પક્ષ ઉપર તમામ વ્યાજબી શંકાથી પર પુરાવો રજૂ કરવાનો રહે છે. નામદાર સર્વોચ્ચ અદાલતે સાંયોગિક પુરાવા અંગે તેમની સમક્ષના કેસમાં નીચે મુજબ માર્ગદર્શીકા આપેલ છે. **Sharad Birdhi Chand Sarda vs State Of Maharashtra on 17 July, 1984, Equivalent citations: 1984 AIR 1622, 1985 SCR (1) 88**

**3:3. Before a case against an accused vesting on circumstantial evidence can be said to be fully established the following conditions must be fulfilled as laid down in Hanumat's v. State of M.P. [1953] SCR 1091. [163C]**

1. **The circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established; [163D]**
2. **The facts so established should be consistent with the hypothesis of guilt and the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty; [163G]**
3. **The circumstances should be of a conclusive nature and tendency; [163G]**
4. **They should exclude every possible hypothesis except the one to be proved; and [163H]**
5. **There must be a chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused. [164B]**

**These five golden principles constitute the panchsheel of the proof of a case based on circumstantial evidence and in the absence of a corpus deliciti. [164B]**

**33.** આ કામે બનાવ નજરે જોનાર કોઈ સાક્ષી કોર્ટ સમક્ષ નથી. મરનાર વિજય

આરોપી રણજીત સાથે બનાવ બનેલ તેનાં તુરંત પહેલા હોય અને તેઓને કોઈએ જોયેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તપાસાયેલા અને રજૂ થયેલા દસ્તાવેજી પુરાવા ઉપરથી મરનારનુ અકુદરતી મૃત્યુ હતું. અને મરનારની લાશ દસ દિવસ પછી નદીનાં કાંસમાંથી મળેલ હતી. મૃત્યુ માટે ફરિયાદ પક્ષના કેસ મુજબ મરનારની પત્ની સાથે આરોપી રણજીતને સંબંધ હતાં. આથી, તેણે અન્ય આરોપી સાથે મરનારનું ખૂન કરેલું. પરંતુ, આરોપીઓ સામે તહોમત પુરવાર કરતો કોઈ પુરાવો પ્રત્યક્ષ કે પરોક્ષ રજૂ થયેલ નથી. ગ્રામ પંચાયતના સી.સી.ટી.વી. ફુટેજ તપાસમાં મરનાર સાથે આરોપી મોટર સાયકલમાં જતાં દેખાયેલાના કબજે લેવાયેલા છે. પરંતુ, તેવા ઈલેકટ્રોનીક પુરાવા કોર્ટ સમક્ષ સાબિત થયેલ નથી. ત્યારે બચાવ પક્ષની દલીલ સ્વીકારવા પાત્ર માનુ છું. આથી, મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. સબબ મુદ્દા નં.૩ અંગે આરોપીઓને નિર્દોષ મુકત કરતો નીચે મુજબનો હુકમ કરૂ છું.

## <u>–:: આખરી હુકમ ::–</u>

૦૧. આથી સેશન્સ કેસ નં. ૧૬/૨૦૨૧, શિનોર પોલીસ સ્ટેશન પાર્ટ–"ફર્સ્ટ" ગુના રજીસ્ટર નં. ૩૯૪/૨૦૨૧, ના કામે આરોપી નં. **(૧) રણજીતભાઈ અશ્વિનભાઈ વસાવા** રહે. ઉતરાજ, નવીનગરી, તા. શિનોર, જિ. વડોદરા તથા નં.**(૨) મયુરભાઈ પુનમભાઈ વસાવા** રહે. માલસર, કાસટીયા ફળીયુ, તા. શિનોર, જિ. વડોદરાનાઓને, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૨૦૧, ૧૧૪ મુજબના ગુનામાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૨૩૫(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૦૨. આ કામે બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો, અને અપીલ દાખલ થાય તો અપીલ કોર્ટના હુકમ મુજબ તેનો નિકાલ કરવો.

૦૩. મુળ ફરિયાદીને આ ચુકાદાની નકલ તુરંત વિનામૂલ્યે આપવી.

૦૪. આરોપીઓનાં જામીન આથી છ માસ માટે આ હુકમની અપીલમાં હાજર રહેવાની શરતે લંબાવવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: **૩૦$^{મી}$,** માહે : **જુન,** સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

Digitally signed by
MANOJ BHAILALBHAI KOTAK
Reason: Judgment
at Karjan.
on 30/06/2026 17:43:40 IST.

તા.૩૦/૦૬/૨૦૨૬
સ્થળ : કરજણ.

એચ.એમ.

**(મનોજ ભાઈલાલભાઈ કોટક)**
૮માં અધિક સત્ર ન્યાયાધીશ,
વડોદરા @ કરજણ.
યુનિક કોડ જીજે.૦૦૭૧૮